

શ્રી અવિનાશ આણંદરાયના

લગ્ન નિમિત્તે રચાયલા

લગ્ન—ગીત

પ્રસિદ્ધ કર્ત્તા—શ્રીયુત [illegible]વરલાલ [illegible]નાનાથ મહેતા.

ખાડીયા ગોટીની શેરી

વૈશાક વદ ૫ અમદાવાદ. તા ૧૦ ૫ [illegible]૯૨૮

(૧) વરઘોડા વખતે ગાવા માટે.

(લાડકડી ચડીરે ક્માડ, સુંદર વરને નીરખવા રે; એરાગ)

કોયલડી ગાયે મધુર, આઘા આંબા વાડીયે રે;
કાઢી તીણો પંચમસૂર. ઉડે ડાળી ડાળીએ રે. ટેક.
મ્હોર આંબલીયાના ખાય, ને ટીંચે એ પંખણી રે.
પ્રેમતણી ગીતા ગાય, સદાય સોહામણી રે. કોયલડી.
સરોવર કેરે તીર, વસે હંસો હંસલો રે;
જુદાં પડે ન લગીર, બાંધ્યો પ્રેમ ફાંસલોરે. કોયલડી.
ઉડે તરે ચરે સાથ. અખંડ એ જોડલી રે;
ધીરે ધીરે વહી જાવ, સંસારની હોડલી રે. કોયલડી.
પ્રેમી થજો એવાં સાર, કોયલડી ગાયછે રે;
સતી-પતી-પંથી હુન્નર, સાંભળતાં જાય છે રે. કોયલડી.

સાહિત્ય-પ્રિય.

---

(૨) ।। મંગલમ ।।

જેણે આ પૃથિવી ચમત્કૃતિ ભરી ઇચ્છાબળેથી રચી,
જેણે સાગર શૈલ સર્વ સરિતાં સૌંદર્યતાથી ભરી;
જેણે ભેદ ઋતુતણા નિરમીયા, તારા ગ્રહો ઉજ્વલ,
તે બ્રહ્માંડ અનંતના અધિપતિ નિત્યે કરો મંગલ. ૧

જે પ્રેમે યદુરાય રૂક્મિણી વર્યાં, શંભુ અને પાર્વતી.
જે પ્રેમે દમયંતીને નળ વર્યાં, શ્રી રામ સીતા સતી:
જે પ્રેમે અનિરૂદ્ધ બાણુતનયા, સોહે સદા નિર્મલ,
તે પ્રેમે વરરાયને વધુવરી, પામો સદ મંગલ. ૨

સોહે મંડપ મધ્ય જોડ જુગતી, સ્નેહી સગાં મ્હાલતાં,
નિરખે ને હરખે અતિશય મને, માતાપિતા વ્હાલમાં;
ઉચ્ચારે દ્વિજવર્ય મંત્ર ઉલટે, કલ્યાણકારી ફળ,
હોંસીલાં અભિલાષી દંપતિતણું થાજો સદા મંગળ. ૩
સિદ્ધિબુદ્ધિપતિ ગણેશ શુભમાં પ્રીતે પધારે ઘરે,
દુંદાળો દુઃખભંજનો સરવના વેગેથી વિઘ્નો હરે.
શ્રી શંભુગિરિજાતણા તનયની ચારે ભુજામાં બળ:
નિત્યે દેવગજાનનનો યુગલનું પ્રેમે કરો મંગલ. ૪
વિદારી અસુરો શુરા સમરમાં અદ્ભૂત બાહુ બળે,
કીધી બ્હાર શુરોની સત્વ ગણે, ચંડિ વિના શું વળે;
શક્તિ,કાન્તિ,સુકીર્તિ, શાન્તિ સુખદા, સેવા નહિ નિષ્ફળ,
(તે)દુર્ગાદેવી સદૈવ આ વર વધૂને અર્પશો મંગળ. ૫
જે ધારે કરમાં પિનાકડમરૂ ભાલે શશિ શોભતો,
અર્ધાંગે ઉમયા જટા વિપુલમાં અંગા ધરી ઓપતો:
ભસ્માંગે નીલકંઠ વ્યાલભૂષણે વૃષવાહને નિશ્ચલ,
(એ)ભોળાનાથ મહેશ આ યુગલને અર્પો સદા મંગલ. ૬
વીણા પુસ્તક ધારીણી અભયદા હંસે બિરાજી સદા.
બ્રહ્મા પુત્રી પવિત્ર સ્હાય સઘળી આપે સપ્રેમે સદા:
વિદ્વાનો કવિ કોવિદો યશ ભણે, વરદાયીના વિમલ;
દેવી શારદમાત આ વર વધૂને અર્પશો મંગલ. ૭
ભૂમિ ભાર ઉતારવા અવતર્યા કારાગૃહે કારમા,
દુષ્ટોને સંહારી સાધુજનને ઉદ્ધારીયા હામમાં;
લીલા અદ્ભુતથી સુકીર્તિ જગમાં ઓપી રહી નિશ્ચળ,
શ્રીગોવર્ધનધારી કૃષ્ણ કરશો આ યુગ્મનું મંગળ. ૮

મણીબ્હેન મહેતા.

(૩) મંગળ ફેરા સમયે ગાવા માટે

(માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો ! એ રાગ.

આંગણ ગુલરોપ ફુલડે ભરીયો,
ફુલે ભરીયો ગુલાબે ઉભરીયો. આંગણ–ટેક.

મ્હેંકયા આંગણીયામાં બીરાજે.
દેવ — દેવાંશાં દંપતી રાજે,
આપે આશીશ ફુલડાં આજે. આંગણ.

અમ સરખાં સુવાસ સંઘરજો,
અંતરમાંહિ કુમાશ તો ભરજો.
શાણાં થઇને સંસાર સોહાવજો. આંગણ.

વજ્જર જોડાઇ પાંખડી ફુલની,
જાણી જાળવજો કીરતિ કુલની,
સ્નેહ ગાંઠી મોંઘેરા મુલની. આંગણ.

સાહિત્ય–પ્રિય.

(૪) ચોરી વખતે ગાવા માટે.

(હું શું જાણું, વ્હાલે મુજમાં શું દીઠું,
હસી હસી સામું જુએ મુખ લાગે મીઠું. એરાગ.(દયારામ))

રામ સીતાજીને પત્ર લખે છે.
મનડું તો મનડાને ઓળખે છે. ટેક.

ધીરા થજો અમે આવીશું હોંશે,
પ્રીતની રીત નિભાવીશું હોંશે. રામ.
ચોરીમાં આપણ ડગલાં ભરીશું,
બોલના કોલ દઈને વરીશું. રામ.

ખાન ને પાન ને માને રીઝવશું,
ઓચ્છવ વૈભવે સંગ રહીશું. રામ.
સુખ દુઃખ સંપતના સાથી થઈશું,
ધરમ કરમના સંગાથી રહીશું. રામ.

પત્ર પારેવાની કોટે બંધાવ્યો,
પારેવા જનકને માંડવે આવ્યો. રામ.
વાંચીને પત્ર સીતા હરખાતાં,
નાથ નીરખવા અટારીએ જાતાં. રામ

સાહિત્ય પ્રિય

---

(૫) વરકન્યા વળાવતી વખતે ગાવાનું ગીત.

સંસારે સ્વર્ગ વસાવ,
 ઓ સજની! સંસારે સ્વર્ગ વસાવ!
સાસુ સસરા ગણુ માત પિતા, ને
 ભવ સાહયક પતિ નાવ;
 ઓ સજની સંસારે સ્વર્ગ વસાવ!
તીર્થ કરવા જો ચ્હાયે તું સજની!
 તીર્થ સ્વરૂપથી લે લ્હાવ!

દિયર–દેરાણી ને જેઠ–જેઠાણીથી રાખજે નિત્ય બનાવ.
સંપી–જંપી જો નણદીથી ચાલીશ તો
લેઇશ સ્વર્ગનો લ્હાવ !
ઓ સજની ! સંસારે સ્વર્ગ વસાવ !
મોટેરાને સખી માન તું દેજે,
ન્હાનાં પર રાખજે ભાવ !
દુઃખી દિલ ના તું કોઇનું કરજે;
ઉર સખી કરજે દરિયાવ !
ઓ સજની ! સંસારે સ્વર્ગ વસાવ !
સ્વામિની સંગાથ સ્વામિની સનાથ;
રખે, તું ચૂકતી એ દાવ !
કરીશ તેવું પામીશ સજની !
સ્નેહ સરોવરે ન્હાવ !
ઓ સજની ! સ
સંસારે સ્વર્ગ વસાવ
ઓ સજની ! સંસારે સ્વર્ગ વસાવ !



શ્રી પરમાર પ્રીન્ટીંગ પ્રેસ–રીચીરોડ વાળા

હનુમાન પાસે—અમદાવાદ.